# વળતા પાણી : શહેરમાં કોરોનાના નવા ૧૧૩ કેસ

## શહેરમાં કોરોનાની ગતિ ઘટી : શહેરમાં ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૧૧, સરગાસણમાં ૧૮, આઈઆઈટીમાં ૧૬ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૩૦ અને ૨૬ માં ૫-૫ કેસ, સે. ૨૭, ૨૧, ૧૯ માં ૪-૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાની ગતિ ધીમી પડી છે. શહેરમાં આજે કોરોનાના નવા કેસો ૧૧૩ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૯૨૦૦એ પહોંચવા આવી છે.

શહેરમાં કોરોનાના કેસોની સંખ્યામાં ઘણા દિવસ બાદ ઘટાડો જોવા મળ્યો છે. શહેરમાં આજે જે રીતે ઘટાડો જોવા મળ્યો છે તેથી તંત્રને થોડીક રાહત જરૂર થઈ છે.

શહેરમાં કોરોનાના કેસો આજે સેક્ટરોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં પણ છુટા છવાયા જોવા મળ્યા છે. જો કે સંવેદનશીલ વિસ્તારોમાંથી કેસો આજે પ્રમાણમાં ઓછા જરૂર મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બધાજ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટેની સૂચનાઓ આપી ટ્રેસીંગ અને ટેસ્ટીંગ વધારવા જણાવ્યુ છે.

**શહેરમાં આજે ૧૫૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે**

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૯ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૧૫ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ૧૩ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

શહેરમાં આજે ૧૦ કે તેથી ઓછી વયના પાંચ બાળકો સંક્રમિત થયેલા મળ્યા છે. જેમાં રાંદેસણમાંથી બે બાળકો મળ્યા છે.

સે. ૫ માં ૭ વર્ષનો દિકરો, સે. ૨૧માં ૭ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૫ વર્ષની દિકરી, રાંદેસણમાં ૬ વર્ષનો દિકરો અને કુડાસણમાં ૧૦ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં મહિલાઓ, બાળકો તેમજ વયસ્કો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતાતુર છે. જો કે માઈલ્ડ સિમ્ટોમ્સના દર્દીઓ વધુ મળી રહ્યા હોવાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે.

શહેરના ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૧૧, સરગાસણમાં ૮, આઈઆઈટીમાં ૧૬ કેસ નોંધાયા છે.

વાવોલમાં ૫ કેસ, રાયસણમાં ૨ કેસ, પાલજમાં ૩ કેસ, ઈન્ફોસીટી અને પેથાપુરમાં ૧-૧ કેસનોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૩૦ અને ૨૬ માં ૫-૫ કેસ, સે. ૨૭, ૨૧, ૧૯ માં ૪-૪ કેસ નોંધાયા છે.

સે. ૭, ૨૦, ૨૨, ૨, ૧૬, ૯, ૮ અને સે. ૪ માં ૨-૨ કેસ નોંધાયા છે. સે. ૫, ૬, ૨૪, ૨૫, ૩, ૧૪ માંથી પણ કેસ મળ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ ૮૦ ટકા નજીક પહોંચી ગયો છે. આજે વધુ ૩૦૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે ૧૫૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# જિલ્લામાં પણ ઘટાડો : નવા ૫૪ કેસ

## નવા કેસની સામે ડીસ્ચાર્જની સંખ્યા ત્રણ ગણી : ૧૭૨ને ડિસ્ચાર્જ અપાયું

ગાંધીનગર તા ૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૫૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલની સાપેક્ષમાં કેસની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જયારે આજે કોરોનાના એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારના ૧૭૨ દર્દીઓને આજે ડીસ્ચાર્જ આપવામાં આવ્યુ હતુ નવા કેસમાં ઘટાડો નોંધાયો છે. ત્યારે કેસની સામે ડીસ્ચાર્જની સંખ્યા પણ ત્રણ ગણી વધુ રહી છે. જિલ્લાના ગામોમાં પણ ધીમે ધીમે કોરોનાનુ સંક્રમણ કાબુમાં આવી રહ્યુ છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૬૮૬ વ્યકિતઓનુ રસીકરણ પણ કરવામાં આવ્યુ હતુ.

રાજયમાં કોરોનાનુ સંક્રમણ ધીમે ધીમે નિયંત્રણમાં આવી રહ્યુ હોવાનુ સંક્રમિત દર્દીઓના આંકડા પરથી સ્પષ્ટ થઈ રહ્યુ છે. જયારે ગાંધીનગર શહેર અને જિલ્લામાં પણ ધીમે ધીમે કોરોનાના કેસ ઘટી રહ્યા છે. ગઈકાલે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસ વધ્યા હતા શનિવારે ગામડાઓમાં કુલ ૧૦૫ નવા કેસ સામે આવ્યા હતા જયારે આજે જિલ્લાના ગ્રામિણ વિસ્તારામાં નવા ૫૪ કેસ નોંધાયા છે. જે ગઈકાલની સાપેક્ષમાં ૫૦ ટકા ઓછા છે. જિલલામાં નોંધાયેલા નવા કેસ મુજબ દહેગામમમાં ૧૧ , ગાંધીનગરમાં ૧૯ , કલોલમાં ૯ અને માણસામાં ૧૨ કોરોના સંક્રમિત થયા છે. આજે નોંધાયેલા કેસ અન્વયે એક વ્યકિતને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયારે ૫૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત આજે જિલ્લામાં રસીકરણ ઝુંબેશ અન્વયે પણ વિવિધ ૧૨૦ સેન્ટરો પર હાથ ધરાયેલી કામગીરી અન્વયે ૧૬૮૬ને વેક્સિન આપવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધી ૯૩૦૮૫૯ને વેક્સિનનો પ્રથમ અને ૮૮૦૭૦૨ ને બીજો ડોઝ આપી દેવાયો છે. આજે જિલ્લામાં નવા નોંધાયેલા કેસની સામે ડિસ્ચાર્જ કરવામાં આવેલા દર્દીઓની સંખ્યા પણ વિશેષ રહી છે. નવા કેસની સામે ત્રણ ગણાં વધુ દર્દીઓ ડીસ્ચાર્જ કરાયા છે. આજે ૧૭૨ દર્દીઓને ડીસ્ચાર્જ અપાયુ છે.

# રાજ્યમાં કોરોનાનાં નવા ૩૮૯૭ કેસ : ૧૦૨૭૩ દર્દીઓ રિકવર થયા

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં આજે કોરોનાનાં નવા ૩૮૯૭ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૦૨૭૩ દર્દીઓ રિકવર થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૧,૪૪,૯૫૬ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૫.૩૯ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજ્યમાં ૬૦,૫૭૮ દર્દીના ડોઝ અપાયા હતા. બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૪૪૬૧૮ દર્દીઓ એક્ટિવ છે. જે પૈકી ૨૨૫ વેન્ટિલેટર પર છે. જયારે ૪૪૩૯૩ સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૧૪૪૯૫૬ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોનાને મ્હાત આપી ચુક્યાં છેત અત્યાર સુધીમાં ૧૦૬૬૭ દર્દીઓ કોરોનાને કારણે મોતને ભેટી ચુક્યાં છે. આજે કોરોનાને કારણે કુલ ૧૯ નાગરિકોનાં મોત થયા છે. બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૮ને પ્રથમ જ્યારે ૨૧૮ ને બીજો ડોઝ અપાયો છે. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૨૧૯૦ ને પ્રથમ ૪૨૦૧ ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૯૫૮૮ ને પ્રથમ ૧૫૭૫૧ ને બીજો ડોઝ પાયો હતો. ૧૫-૧૮ વર્ષા નાગરિકો પૈકી ૭૪૪૧ ને પ્રથમ અને ૧૦૮૩૮ ને બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ ઉપરાંત ૧૦૩૫૨ ન પ્રિકોર્શન ડોઝ અપાઈ ચુક્યાં છે.

**રાજ્યમાં હાલ કુલ ૪૪૬૧૮ દર્દીઓ એક્ટિવ છે, જે પૈકી ૨૨૫ વેન્ટિલેટર પર છે જ્યારે ૪૪૩૯૩ સ્ટેબલ છે**

# હજુ 30% વિદ્યાર્થીઓ શાળાએ જવા રાજી નથી

ગાંધીનગર, તા.૬

કોરોનાની ત્રીજી લહેરની અલવિદા એટલે કે, કેસમાં ઘટાડો થતા ફરી શાળાઓમાં ઓફલાઈન અભ્યાસ શરુ થઈ રહ્યો છે. પરંતુ વારંવાર શાળાઓ બંધ રહેતા બાળકોમાં અભ્યાસ માટે શાળાએ જવાની રુચિ ઘટી રહી છે. શિક્ષણ સાથે સંકળાયેલા નિષ્ણાતોના મતે ફરી શાળા તો શરૂ થઈ રહી છે પણ ૩૦ ટકા વિધાર્થીઓને શાળાએ જવાની ઈચ્છા નથી થતી. વારંવાર શાળાઓ બંધ રહેતા ૩૫ ટકા બાળકોમાં લર્નિંગ લોશ જોવા મળી રહ્યો છે.

કોરોનામાં બે વર્ષમાં અવાર નવાર શાળાઓ બંધ રહી. જેની સીધી અસર બાળકોના શિક્ષણ પર પડી છે. કોરોનાની ત્રીજી લહેર બાદ ફરી ધોરણ ૧થી ૯ની શાળાઓમાં ઓફ લાઈન શિક્ષણ શરૂ થઈ રહ્યું છે. જોકે હાલમાં જ દિવાળી વેકેશન બાદ શાળાઓ શરૂ થઈ અને ફરી કોરોનાના કેસના કારણે શાળાઓ બંધ રાખવી પડી. હવે કેસ ઘટતા ફરી શરૂ તો થઈ રહી છે છતાં ૩૦ ટકા બાળકો શાળાએ જવા રાજી નથી.

**કોરોનામાં બે વર્ષમાં અવાર નવાર શાળાઓ બંધ રહી : કોરોનાની ત્રીજી લહેર બાદ ફરી ધોરણ ૧થી ૯ની શાળાઓમાં ઓફ લાઈન શિક્ષણ શરૂ થઈ રહ્યું છે**

એજ્યુકેશન એક્સપર્ટ કહે છે કે, પાછલા બે વર્ષના સમયમાં શાળાઓ ચાલુ હતી ત્યારની શાળાઓમાં વિધાર્થીઓની હાજરીના આંકડાનો અભ્યાસ કરીએ તો ૩૦ ટકા એવા વિધાર્થી એવા છે જેઓને શાળાએ જવાની ઈચ્છા ન થતી હોય. પણ શાળાએ જવાની રૂટિન લાઈફમાં આવતા ૧૦થી ૧૫ દિવસ થશે.

આ ઉપરાંત વિધાર્થીઓની અન્ય બાબતો પર પણ અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે, વિધાર્થીઓનું અલગ અલગ વિષયમાં લોન્ગ કવેશચન આન્સરમાં વિધાર્થીઓનું પર્ફોર્મનસ ડાઉન જોવા મળ્યું છે. વિધાર્થીની લખવાની આદત ઘટી ગઈ છે જેથી વૈકલ્પિક સ્ક્રુઊ જેવા પ્રશ્નો વિધાર્થીઓ ઝડપથી સોલ્વ કરતા હોય છે. અને આ મુશ્કેલીમાં વધારો થશે જો વિધાર્થીઓ લખવાની પ્રેક્ટીસ નહિ રાખે તો.

તેમણે વધુમાં જણાવ્યુ કે, ઓનલાઈન અને ઓફલાઈન બંને શિક્ષણ ચાલુ રાખવાથી શિક્ષકોને તો તકલીફ પડે જ છે પણ વિધાર્થીઓને લર્નિંગ લોશ વધારે છે. એક વિદ્યાર્થી ૧ મહિનો શાળામાં ઓફલાઈન ભણે અને એજ વિદ્યાર્થી એક મહિનો ઓનલાઈન ભણે તો તે વિધાર્થીમાં સ્પષ્ટ રીતે ઓનલાઈનમાં ૩૫ ટકા પર્ફોર્મનસ ડાઉન થતું હોય છે. ઓનલાઈનમાં વિધાર્થી શિક્ષકને સવાલ નથી પૂછી શકતો. શિક્ષકનું વિદ્યાર્થીઓ પર ધ્યાન નથી રહેતું જેના કારણે વિદ્યાર્થીઓ પેસિવ થઈ જતા હોય છે. આમ શાળાઓ તો ફરી એકવાર શરૂ થઈ રહી છે. પણ વિધાર્થી ને ફરી શિક્ષણ તરફ વાળવા વાલીઓ અને શિક્ષકોની પરીક્ષા બની રહેશે.

# સ્વર સામ્રાજ્ઞી લત્તા મંગેશકરનાં નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગુજરાતનાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતે સ્વર સામ્રાજ્ઞી, ભારત રત્ન લત્તા મંગેશકરનાં નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શોક સંદેશમાં જણાવ્યું હતું કે લત્તાજીનાં નિધનથી સમગ્ર દેશને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સ્વ. લાત્તાજીએ સંગીત ક્ષેત્રે જે યોગદાન આપ્યું છે તે અવિસ્મરણીય રહેશે. તેમના નિધનથી હિન્દી ફિલ્મ સંગીતના એક અધ્યાયનો અંત આવ્યો છે. પરમ કૃપાળુ પરમાત્મા સદગતનાં આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના પણ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કરી છે.



યાદગાર સ્મરણ - આ તસવીર ૧૯૪૯ની છે... ગાંધીનગરના જાણીતા સંગીતકાર સ્વ. મુનિકુમાર દેસાઈને ચિત્રહાર સંગીત સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત થયો ત્યારે સ્વરકિન્નરી લતા મંગેશકરના હસ્તે ઈનામ અપાયુ તે પ્રસંગની આ તસવીર છે...

ગાંધીનગર માટે ખૂબ જ યાદગાર ગણી શકાય એવી આ તસવીર એમ કહે છે કે, ગાંધીનગરના સાંસ્કૃતિક ઈતિહાસના પ્રકરણ કેટલા ગહન છે... કેટલા વર્ષોથી અને કેવા પ્રકારની સંગીત અને સાહિત્ય ગાંધીનગરમાં પ્રાંગર્યું છે તેની પ્રતિતી કરાવતી આ તસવીર ગાંધીનગર માટે યાદગાર સ્મરણ બની છે... વિશેષ બાબત તો એ છે કે, આ યાદગાર સ્મરણને પણ એટલા જ જતનથી સાચવીને રાખ્યું છે....

# શહેરના હેલ્થ સેન્ટરોનુ રીનોવેશન : ઈન્ડોર સિસ્ટમ પણ કાર્યરત થશે

## સે-૨૪ અને સે-૨૯ માં પણ દર્દીઓ માટે ઇન્ડોર સિસ્ટમ કાર્યરત : ત્રણેય સેન્ટરોના રીનોવેશન માટે અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ


ગાંધીનગર તા ૬


ગાંધીનગરના સેકટરોમાં હેલ્થ સેન્ટરોનુ તબક્કાવાર રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. સે-૨૪ અને સે-૨૯માં ઈન્ડોર સિસ્ટમ કાર્યરત કરવાની સાથે સેન્ટરના રીનોવેશનની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. હેલ્થ સેન્ટરમાં ઓ પી ડી ની સાથે હવે ઈન્ડોર સિસ્ટમ પણ કાર્યરત થતા દર્દીઓને સારવાર માટે વધુ સાનુકુળતા રહેશે.આ ઉપરાંત સે-૨ માં પણ હેલ્થ સેન્ટરને અનુલક્ષીને હાથ ધરાયેલી કામગીરી આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે આ ત્રણેય સેન્ટરોને વધુ સુવિધાસભર બનાવવા માટે રૂ ૩ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સીટી અન્વયે વિવિધ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગોને ફોરટ્રેક બનાવવા સહીત બગીચાઓનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં માળખાગત સુવિધાઓના મજબુતીકરણ માટે પણ પાણી ગટર લાઈનના નવિનીકરણની કાર્યયોજના શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત સેકટરોમાં સ્થિત પ્રાથમિક હેલ્થ સેન્ટર પણ લાંબા સમયથી ખંડેર બનવા તરફ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. જેને અનુલક્ષીને સેકટરોમાં અગ્રતા ક્રમ મુજબ હેલ્થ સેન્ટરના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે.

જયારે અત્યાર સુધી સે-૨૪ અને સે-૨૯ ના હેલ્થ સેન્ટરના રીનોવેશનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ સેન્ટરોમાં અગાઉ ઈન્ડોર સિસ્ટમ ન હતી. અલબત્ત હેલ્થ સેન્ટરોના રીનોવેશન અંતે ઈન્ડોર સિસ્ટમ પણ ઉભી કરવામાં આવી છે. જેમાં પુરુષ વોર્ડ અને સ્ત્રી વોર્ડ પણ કાર્યરત કરાશે. આ ઉપરાંત પ્રસૂતિ સેવા માટે પણ અલગ વોર્ડ કાર્યરત કરાશે.

હાલ શહેરમાં સે-૨ ના હેલ્થ સેન્ટરનુ પણ રીનોવેશન હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં પણ આ મુજબની વ્યવસ્થા ગોઠવાશે જેની પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થશે. આ કામગીરી આગામી બે મહીનામાં પુર્ણ કરી દેવાશે. સેકટરોના હેલ્થ સેન્ટરમાં ઓ પી ડી સેવાની સાથે હવે ઈન્ડોર દર્દીને પણ સારવાર મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે હેલ્થ સેન્ટરના રીનોવેશનનુ કામ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યુ છે. ટુંકમાં જ સ્થાનિકોને આરોગ્ય સેવા ઘર આંગણે જ વધુ યોગ્ય રીતે મળી રહે તે મુજબની વ્યવસ્થા કાર્યરત થઈ જશે.







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com